પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૫ | ૨૫ ઓક્ટોબર, ૨૦૨૧, સોમવાર; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરના વિકાસને કોઈ નહીં રોકી શકે : અમિત શાહ

**ઘાટીમાં કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહની ગર્જના : કેન્દ્રિય ગૃહમંત્રીએ ઝોરાવર ઓડિટોરિયમમાં યુવાનોને સંબોધન કર્યું હતું શાહે કહ્યું કે, જમ્મુ -કાશ્મીરના લોકો સાથે અન્યાયનો સમય સમાપ્ત થયો છે**

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે. આજે ગૃહમંત્રી અમિત શાહે પાકિસ્તાન સરહદથી થોડે દૂર ઝોરાવર ઓડિટોરિયમમાં યુવાનોને સંબોધન કર્યું હતું. જેમાં અમિત શાહે કહ્યું કે, 'જમ્મુ - કાશ્મીરના લોકો સાથે અન્યાયનો સમય સમાપ્ત, હવે કોઈ પણ વિકાસને ખલેલ પહોંચાડી શકશે નહીં. શાહે એમ પણ કહ્યું કે, અહીંનો વિકાસ કોઈ નહીં રોકી શકે, જમ્મુ-કાશ્મીર પ્રધાનમંત્રી મોદીના દિલમાં વસે છે.

ગૃહમંત્રી અમિત શાહ (છદ્વૈ જીરફ્રર) જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે. જમ્મુ-કાશ્મીરના ત્રણ



દિવસના પ્રવાસે ગયેલા અમિત શાહના પ્રવાસનો આજે બીજો દિવસ છે. આજે અહીં રેલીને સંબોધતા તેમણે કહ્યું કે તેઓ આજે જમ્મુ આવ્યા છે એમ કહેવા માટે કે જમ્મુના લોકોને અન્યાય કરવાનો સમય પૂરો થઈ ગયો છે, હવે તમારી સાથે કોઈ અન્યાય કરી શકે નહીં. અહીંથી શરૂ થઈ રહેલા વિકાસના યુગને જે લોકો ખલેલ પહોંચાડી રહ્યા છે તેઓ પરેશાન છે, પરંતુ વિકાસના યુગને કોઈ ખલેલ પહોંચાડી શકશે નહીં.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે એક સમય હતો જ્યારે જમ્મુ-કાશ્મીરમાં કહેવા માટે પાંચ પરંતુ માત્ર ચાર મેડિકલ કોલેજ હતી, પરંતુ આજે અહીં સાત નવી મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી છે. અગાઉ ૫૦૦ વિદ્યાર્થીઓ અહીંથી સ્મ્મ્જી કરી શકતા હતા, હવે લગભગ ૨,૦૦૦ વિદ્યાર્થીઓ અહીંથી સ્મ્મ્જી કરી શકશે.

ઉલ્લેખનીય છેકે, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ હાલ જ્યારે જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે એ સમય ગાળા દરમિયાન જ ઘાટીમાં આતંકીઓ હુમલા કરી રહ્યાં છે. આંતકીઓએ જમ્મુ-કાશ્મીરના શોપિંયા અને પૂંછ સેક્ટરમાં હુમલો કર્યો છે. આતંકીઓએ સીઆરપીએફના કેમ્પ પર હુમલો કર્યો હતો. જેને પગલે ઘાટીમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. અને ભારતીય જવાનો તરફથી પણ હુમલાખોરોને જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે.

# સમીર વાનખેડેએ માંગ્યા ૮ કરોડ : સાક્ષીનો આરોપ

**આર્યન ખાન ડ્રગ્સ કેસમાં હવે મોટો વળાંક : ડ્રગ્સ કેસમાં એક સાક્ષીએ મોટા રાઝ પરથી પડદો હટાવતા સમીર વાનખેડે પર ગંભીર પ્રકારના આરોપ લગાવ્યા છે**

મુંબઈ, તા.૨૪

આર્યન ખાન ડ્રગ્સ કેસમાં હવે મોટો વળાંક આવ્યો છે. એક સાક્ષીએ NCB ના ઝોનલ



ડાયરેક્ટર સમીર વાનખેડે પર ૮ કરોડ રૂપિયાની માંહ કરવાનો આરોપ લગાવ્યો છે. સાક્ષીએ દાવો કર્યો છે કે આ મામલામાં કરોડો રૂપિયાની લેતીદેતી થઈ છે. આ વ્યક્તિનું નામ પ્રભાકર રાધોજી સૈલ છે અને તે ૨૨ જુલાઈ ૨૦૨૧થી કિરણ ગોસાવીનો બોડીગાર્ડ છે. કિરણ ગોસાવી તે વ્યક્તિ છે તે રેવ પાર્ટીમાં ઝડપાયેલા આર્યન ખાનને લઈને દ્વઝ્રમ્ ઓફિસમાં લઈ જતો જોવા મળે છે. પ્રભાકર રાધોજી સૈલ આ મામલામાં પંચનામા પર સહી કરનારામાંથી એક છે.

પ્રભાકરના નિવેદન અનુસાર, ૨ ઓક્ટોબરે જ્યારે દ્વઝ્રમ્ એ રેવ પાર્ટી પર રેડ કરી હતી. ત્યારે કિરણ ગોસાવીની સાથે હતો. પ્રભાકરે કહ્યુ- ૧૦.૩૦ કલાકે જ્યારે ગોસાવીએ બોર્ડિંગ એરિયામાં બોલાવ્યો, હું ત્યાં પહોંચ્યો તો મેં એક કેબિનમાં આર્યન ખાન અને મુનમુન ધામેચાને જોયા. ત્યારબાદ રાત્રે ૧૨.૩૦ કલાકે કિરણ ગોસાવી દ્વઝ્રમ્ અધિકારીઓ સાથે આર્યન ખાનને સફેદ કલરની ઈનોવા કારમાં દ્વઝ્રમ્ ઓફિસ લઈ ગયો. રાત્રે ૧ કલાકે કિરણ ગોસાવીએ મને દ્વઝ્રમ્ ઓફિસની અંદર આવવાનું કહ્યું. તેણે કહ્યું કે, આ મામલામાં મારે વિટનેસ બનવાનું છે.

આ નિવેદનમાં પ્રભાકરે રાધોજી સૈલે આગળ કહ્યુ- જ્યારે હું ઉપર ગયો તો સમીર વાનખેડેના કહેવા પર એનસીબીનો એક અધિકારી સાલેકરે ૧૦ બ્લેક પેપર્સ પર મારી સહી લીધી અને મારી પાસે મારા આધાર કાર્ડની વિગત પણ લીધી હતી.

પ્રભાકર રાધોજી સૈલે વાતને આગળ વધારતા કહ્યુ- તેનાથી થોડા સમય બાદ દ્વઝ્રમ્ ઓફિસથી ૫૦૦ મીટર દૂર કિરણ ગોસાવી, સૈમ ડિસૂઝા નામના વ્યક્તિને મળ્યો. પછી ગોસાવી પોતાની સફેદ કલરની ઈનોવા કારથી નિકળ્યો અને તેની પાછળ-પાછળ સૈમ ડીયૂઝાની કાર આવી. આ બંને કારો લોઅર પરેલના બ્રિજની પાસે રોકાય. જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

# લખીમપુર હિંસાના મુખ્ય આરોપીને ડેન્ગ્યુ

**લખીમપુર હિંસાનો આશિષ મિશ્રા મુખ્ય આરોપી છે : ડેન્ગ્યુથી પીડિત હોવાની પુષ્ટિ થયા બાદ તેને જિલ્લા જેલમાંથી જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે**

લખનઉ, તા.૨૪

લખીમપુર ખીરી જિલ્લાના ટિકુનિયા વિસ્તારમાં થયેલી હિંસાના મુખ્ય આરોપી અને કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રા 'ટેની'ના પુત્ર આશિષ મિશ્રાને ડેન્ગ્યુ થયો છે. ડેન્ગ્યુથી પીડિત હોવાની પુષ્ટિ થયા બાદ તેને રવિવારે બપોરે જિલ્લા જેલમાંથી જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ પહેલા શનિવારે આશિષ મિશ્રાને તાવના કારણે પૂછપરછ માટે તબીબી રીતે અયોગ્ય જણાયા બાદ પોલીસ કસ્ટડીમાંથી જિલ્લા જેલમાં મોકલી દેવા પડ્યા હતા.

અધિક પોલીસ અધિક્ષક અને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના સભ્ય અરુણ કુમાર સિંહ,



જેઓ ટિકુનિયા કેસની તપાસ કરી રહ્યા છે, તેમણે આશિષ મિશ્રાને ડેન્ગ્યુથી પીડિત હોવાની પુષ્ટિ કરી. તેમણે જણાવ્યું હતું કે તાવ અને ડેન્ગ્યુના કારણે પૂછપરછ માટે તબીબી રીતે અયોગ્ય હોવાથી આશિષ મિશ્રાને જિલ્લા જેલમાં મોકલવામાં આવ્યો હતો.

રવિવારે સવારે લખીમપુર ખેરીના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. શૈલેન્દ્ર ભટનાગર ડૉક્ટરોની એક પેનલ સાથે જિલ્લા જેલ પહોંચ્યા અને આશિષ મિશ્રાની તપાસ કરી.

# વેક્સિનેશન અભિયાનથી મોટી સફળતા મળી : મોદી

**મન કી બાત કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાને સંબોધન : મોદીએ કહ્યું કે હું જાણતો હતો કે આપણા હેલ્થકેર કામદારો દેશવાસીઓના વેક્સિનેશનમાં કોઈ કસર છોડશે નહીં**

નવી દિલ્હી, તા.૨૪

મન કી બાત કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



દેશવાશીઓને કર્યું સંબોધન કર્યું. મોદીએ કહ્યું- વેક્સિનેશન અભિયાનથી મોટી સફળતા મળી છે. એટલું જ દેશ નવી ઉર્જા સાથે આગળ વધી રહ્યો છે. નરેન્દ્ર મોદી રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા છે. મોદીએ કહ્યું કે હું જાણતો હતો કે આપણા હેલ્થકેર કામદારો દેશવાસીઓના વેક્સિનેશનમાં કોઈ કસર છોડશે નહીં. તેમણે ઈનોવેશન સાથે પોતાના દ્રઢ નિશ્ચય સાથે માનવતાની સેવાનું નવું ધોરણ સ્થાપિત કર્યું. તેમણે તમામ પડકારોને પાર કરીને સુરક્ષા કવચ આપ્યું. અનેકપ્રેરણાદાયી ઉદાહરણો આપણી સમક્ષ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રવિવારે સવારે ૧૧ વાગે રેડિયો કાર્યક્રમ મન કી બાત માં રાષ્ટ્રને સંબોધન કર્યું છે. મન કી બાતનો આ ૮૨મો એપિસોડ છે. આ કાર્યક્રમને ઓલ ઈન્ડિયા રેડિયોના સમગ્ર નેટવર્ક, દૂરદર્શન, છૈંઈ ન્યૂઝ અને મોબાઈલ એપ, ઓફિશિયલ યુટ્યૂબ ચેનલ અને ટ્વીટર પર પણ સાંભળી શકાય છે.

મોદીનો આ કાર્યક્રમ એવા સમયે થઈ રહ્યો છે, જ્યારે દેશે કોરોના વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝના આંકને પાર કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાનું મ્યૂટેન્ટ સ્વરૂપ ડેલ્ટા વેરિએન્ટ સામે આવ્યું

**ડેલ્ટા વેરિએન્ટથી પણ વધુ ખતરનાક છે આ નવો પ્રકાર : જે ડેલ્ટા વેરિએન્ટથી ઘાતક છે, પરંતુ તેનાથી સંક્રમિત દર્દીની સંખ્યા ઓછી છે**

નવી દિલ્હી, તા.૨૪

કોવિડ-૧૯ મહામારી છેલ્લા દોઢ વર્ષ કરતા પણ વધુ સમયથી દુનિયાભરના દેશોમાં ગંભીર સમસ્યા બનેલી છે. આ વચ્ચે કોરોનાનું મ્યૂટેન્ટ સ્વરૂપ ડેલ્ટા વેરિએન્ટ આવ્યું, જેને અધ્યયનમાં વધુ સંક્રામક અને ઘાતક માનવામાં આવ્યું. બ્રિટનમાં ડેલ્ટા વેરિએન્ટથી સંક્રમિત દર્દી મળ્યા, ત્યારબાદ તેના પર નજર રાખવામાં આવી રહી છે. હવે ભારતમાં આ વેલ્ટા વેરિએન્ટના નવા સ્વરૂપ એટલે કે મ્યૂટેન્ટના નવા કેસ સામે આવ્યા છે, જે ડેલ્ટા વેરિએન્ટથી પણ વધુ ઘાતક છે. પરંતુ તેનાથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ઓછી છે.

રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્રએ તે રિપોર્ટ જાહેર કર્યો છે કે ઈન્દોરમાં કોવિડ-૧૯ સંક્રમિત ડેલ્ટા વેરિએન્ટના નવા મ્યૂટેન્ટના કેસ ડિટેક્ટ થયા છે, જે ડેલ્ટા વેરિએન્ટથી વધુ ખતરનાક છે. ઈન્દોરના મુખ્ય ચિકિત્સા અને સ્વાસ્થ્ય અધિકારી ડો. બીએસ સૈત્યએ જણાવ્યુ કે, તેમાંથી બે મહૂ છાવનીમાં તૈનાત સેના અધિકારી છે. સેમ્પલ સપ્ટેમ્બરમાં લેવામાં આવ્યા હતા.

ૈંદ્ગજીછઝ્રર્ંય નેટવર્કના વૈજ્ઞાનિક સાર્સ-કોવ-૨ના વેરિએશન પર નજર રાખી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, છરૂ.૪.૨ થી સંબંધિત નિષ્કર્ષોમાં હજુ પણ ઉચ્ચ સ્તરની અનિશ્ચિતતા છે અને તે કહેવું ઉતાવળ હશે કે આ વેરિએન્ટમાં સંક્રમિત/મૃત્યુનું જોખમ વધુ છે. નવા વેરિએન્ટની ચિંતાઓ વચ્ચે નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે હજુ મહામારી ખતમ થઈ નથી.

# ભાજપે ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની માંગ કરી

**જેડીયુએ પણ સૂરમાં સૂર રેલાવ્યા : જો આતંક સામે લડવું હશે તો ભારતને પહેલા હિન્દુ રાષ્ટ જાહેર કરવું પડશે : ભાજપ ધારાસભ્ય હરિભૂષણ ઠાકુર**

પટના, તા.૨૪

કાશ્મીર ઘાટીમાં આતંકવાદીઓ દ્વારા બિહારના રહેવાસીઓની હત્યાના વધતા જતા કેસે બિહારના રાજકારણમાં વેગ પકડ્યો છે. આ ઘટનાઓને લઈ ભાજપના નેતાઓ ખૂબ ગુસ્સે ભરાયા છે. ભાજપના ધારાસભ્યએ આતંકવાદીઓને નાબૂદ કરવાની માંગ સાથે ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાની માંગ કરી છે.

ભાજપના સહયોગી જનતા દળ યુનાઈટેડે પણ સૂરમાં સૂર પુરાવ્યા છે, જેના કારણે આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. ભાજપના ધારાસભ્ય હરિ ભૂષણ ઠાકુર વાચોલે કહ્યું છે કે, જો આતંક સામે લડવું હોય તો ભારતને પહેલા હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવું પડશે.

તેમણે ભારતને માત્ર હિન્દુ રાષ્ટ્ર જ નહીં પરંતુ અહીં રહેતા લઘુમતીઓ માટે પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવો કાયદો જાહેર કરવાની માંગ કરી છે. તેઓ માંગ કરે છે કે, જે રીતે બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં હિન્દુઓ લઘુમતીમાં છે, અને તેમના માટે જેવા કાયદા બનાવ્યા છે તેવા જ કાયદા ભારતમાં રહેતા મુસ્લિમો માટે બનાવવો જોઈએ.

મુખ્યમંત્રી નીતિશ કુમાર ભલે ભાજપની આ માગણીનું ખુલ્લેઆમ સમર્થન ન કરે, પરંતુ તેમના પક્ષના ધારાસભ્યો ભાજપના સૂરમાં સૂર મેળવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જેડીયુના ધારાસભ્ય ડો.સંજીવ કુમારના જણાવ્યા અનુસાર ભારત માત્ર હિન્દુઓનો દેશ છે. હિન્દુઓ સિવાય જે પણ આ દેશમાં રહે છે તે આક્રમણકારી છે. તેઓએ ગમે તેમ કરીને ભારત પર આક્રમણ કર્યું અને અહીં જ વસી ગયા. કેટલાય લોકોને મારી ભારત પર રાજ કર્યું. ભારત પહેલેથી જ હિન્દુ રાષ્ટ્ર છે. ભાજપના ધારાસભ્ય હરિ ભૂષણ ઠાકુર વાચોલ અને જેડીયુના ધારાસભ્ય સંજીવ કુમાર ઉપરાંત ભાજપના નેતા અને પૂર્વ મંત્રી રાણા રણધીર પણ માને છે કે ભારત સનાતન ધર્મમાં માનવા વાળો દેશ છે, અને અહીં રહેતા તમામ લોકો સનાતન ધર્મના લોકો છે.

# ચીને સંસદમાં પસાર કર્યો નવો ભૂમિ સરહદ કાયદો

**ભારત સાથેના તણાવ પર પડી શકે છે અસર : કાયદો આગામી વર્ષે ૧ જાન્યુઆરીથી અમલમાં આવશે**

બેઈજિંગ, તા.૨૪

દેશની સંપ્રભુતા અને ક્ષેત્રીય અખંડતાને પવિત્ર અને અખંડ જણાવતા ચીનની સંસદે સરહદી વિસ્તારોના સરક્ષણ અને ઉપયોગ સંબંધી એક નવો કાયદો અપનાવ્યો છે, જેની અસર ભારત સાથેના સરહદ વિવાદ પર પડી શકે છે. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, નેશનલ પીપલ્સ કોંગ્રેસ (એનપીસી)ની સ્થાયી સમિતિના સભ્યોએ શનિવારે સંસદની સમાપન બેઠક દરમિયાન આ કાયદાને મંજૂરી આપી.

આ કાયદો આગામી વર્ષે એક જાન્યુઆરીથી પ્રભાવમાં આવશે. તે મુજબ, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાની સંપ્રભુતા તેમજ ક્ષેત્રીય અખંડતા પવિત્ર અને અખંડ છે.' શિન્હુઆ મુજબ, કાયદામાં એમ પણ કહેવાયું છે કે, સરહદી સુરક્ષાને મજબૂત કરવા, આર્થિક તેમજ સામાજિક વિકાસમાં મદદ કરવા, સરહદી વિસ્તારોને ખોલવા, એવા ક્ષેત્રોમાં જનસેવા અને પાયાના માળખાને ઉત્તમ બનાવવા, તેને પ્રોત્સાહન આપવા અને ત્યાંના લોકોના જીવન તેમજ કાર્યમાં મદદ માટે દેશ પગલું ઉઠાવી શકે છે.

તે સરહદો પર સુરક્ષા, સામાજિક તેમજ આર્થિક વિકાસમાં સમન્વયને પ્રોત્સાહન આપવા માટે ઉપાય કરી શકે છે. દેશ સમાનતા, પરસ્પર વિશ્વાસ અને મિત્રતાપૂર્ણ વાતચીતના

● અનુસંધાન પાન-૭ પર

# શાહરૂખ ભાજપમાં જોડાશે તો ડ્રગ્સ પણ દળેલી ખાંડ સાબિત થશે

**શાહરૂખનો દીકરો જેલમાં બંધ છે ત્યારે આ કેસને લઈને મહારાષ્ટ્રના મંત્રી છગન ભૂજબળે ભાજપ પર કટાક્ષ કર્યો**

નવી દિલ્હી, તા.૨૪

સુપરસ્ટાર શાહરૂખ ખાનનો દીકરો હાલ ક્રૂઝ



ડ્રગ્સ કેસમાં જેલમાં બંધ છે. ત્યારે આ કેસને લઈને મહારાષ્ટ્રના મંત્રી છગન ભૂજબળે ભાજપ પર કટાક્ષ કર્યો છે. છગન ભૂજબળે કહ્યું- જો શાહરૂખ ખાન ભાજપમાં જોડાઈ જાય તો ડ્રગ્સ પણ દળેલી ખાંડ બની જશે. એટલું જ નહીં ભૂજબળે એમ પણ કહ્યું કે, ગુજરાતના મુંદ્રા પોર્ટ પરથી મોટા જથ્થામાં ડ્રગ્સ પકડાયું હતું તેની તપાસ કરવાના બદલે કેંદ્રીય એજન્સી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો આર્યન ખાનની પાછળ પડી છે. દ્ગઝ્રઁના સિનિયર નેતાએ ન્યૂઝ એજન્સીને કહ્યું, જો શાહરૂખ ખાન ભાજપમાં જોડાઈ જાય તો ડ્રગ્સ પણ દળેલી ખાંડ સાબિત થઈ જશે. આર્યન ખાન કેસમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો પર અનેક સવાલ ઉઠી ચૂક્યા છે અને કેટલાક રાજકારણીઓ આ મામલે ભાજપ પર પ્રહાર પણ કરી ચૂક્યા છે. દરમિયાન, મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ ચંદ્રકાંત પાટીલે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના ઝોનલ ડાયરેક્ટર સમીર વાનખેડે પર લાગેલા આક્ષેપો પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, સમીર વાનખેડેએ આક્ષેપો કરનારા સામે યોગ્ય પગલાં ભરવા જોઈએ જેથી એનસીપી નેતા નવાબ મલિક સહિતના રાજકારણીઓને ખબર પડે કે, તેમના વાણીવિલાસનું કેવું પરિણામ આવી શકે છે.

# મમતા બેનર્જી અને તેમની પાર્ટી ભાજપની 'બી ટીમ'

**અધીર રંજન ચૌધરીનો ટીએમસી પર હુમલો**

નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસે ફરી એકવાર તૃણમૂલ કોંગ્રેસ પર આક્રમક વલણ અપનાવ્યું છે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ ટીએમસીને ભાજપની બી ટીમ ગણાવી છે. સંસદમાં કોંગ્રેસ સાથે ખભેખભો મિલાવીને કામ કરતી તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ હવે અલગ થઈ ગઈ છે. થોડા મહિના પહેલા સોનિયા ગાંધીની આગેવાની હેઠળની સમાન વિચારધારા ધરાવતી પાર્ટીની વર્ચ્યુઅલ બેઠક વિપક્ષને એક કરવા અને ભાજપને રોકવા માટે યોજાઈ હતી, જેમાં મમતા બેનર્જીએ પણ ભાગ લીધો હતો, પરંતુ હવે એવું લાગે છે કે બંને પક્ષો વચ્ચેનો સંબંધ સામાન્ય નથી.

ટીએમસીએ કોંગ્રેસ મહિલા પાંખના પ્રમુખને પોતાની પાર્ટીમાં સામેલ કર્યા બાદ બંને પક્ષો વચ્ચેનું અંતર વધવા લાગ્યું હતું, ત્યારબાદ ટીએમસીએ ગોવામાં કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાને ગોવાના ચહેરા તરીકે જાહેર કરતા પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ ટીએમસી પર હુમલો

● અનુસંધાન પાન-૭ પર

**ફ્લેટ વેચવાનો છે**

સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**સદ્વિચાર પરિવાર**

સંચાલિત

દિવ્યાંગ શાળા ઉવારસદ માટે

કમ્પ્યુટર કોર્સ શીખવી શકે તેવા શિક્ષક જોઈએ છે

B.Sc. કમ્પ્યુટર કે સમકક્ષ લાયકાત ધરાવતા, કરાર આધારિત નિમણુંક આપવામાં આવશે.

રસ ધરાવનાર ઉમેદવારે ઈમેલ: sadvichar.uvarsad@gmail.com પર વિગતો સાથે તા.૧૫-૧૧-૨૦૨૧ પહેલા અરજી કરવી.

**સદ્વિચાર પરિવાર**

સંચાલિત

હિરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વસન કેન્દ્ર ઉવારસદમાં જોઈએ છે

નિવૃત્ત અધિકારી

જમીન, કૃષિ, હિસાબ, શિક્ષણ, તાલિમ અને વિવિધ બાબતોનું સંકલન કરી શકે તેવા વર્ગ ૧ કે ૨ ના તાજેતરમાં નિવૃત્ત થયેલ અધિકારીને માનદ્વેતન સાથે નિમણુંક આપવાની છે.

રસ ધરાવનાર ઉમેદવારે ઈમેલ: sadvichar.uvarsad@gmail.com પર વિગતો સાથે તા.૧૫-૧૧-૨૦૨૧ પહેલા અરજી કરવી.